PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૨/૧૮–૧૯/ 2442-18 તા 30-3-19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,

પ્રમોદભાઈ રામજીભાઈ પાંભર,

ગામ નારણકા

pin code 3600 30

તાલુકો કોટડાસાંગાણી

જી- રાજકોટ

મો: ૯૮૭૯૩૨૯૨૯૨

**વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૧–૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૨/ક્વા–૦૨/૧૮–૧૯)**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ 1 A

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨.૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કોટડાસાંગાણી

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૨૨/કવા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૨/કવા–૦૪/૧૮–૧૯**

અરજદાર: પ્રમોદભાઈ રામજીભાઈ પાંભર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: 30/03/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. 30/03/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પ્રમોદભાઈ રામજીભાઈ પાંભર, ગામ:નારણકા તેઓની અરજી ના નોંધણી નંબર :૨૨/કવા–૦૪/૧૮–૧૯ ની ફરીયાદ ના અનુસંધાને – અરજી ની નોંધણી ની જાણકારી આપતો પત્ર અરજદાર ને તા.૧૫–૦૧–૧૯ થી મોકલવામા આવેલ, જે પરત આવતા ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ ના ફોન નંબર ઉપર સંપર્ક કરતા – જણાવેલ કે સદર બાબતે – તેઓના નામથી કોઈ ખોટી વ્યકિત એ અરજી કરેલ છે, જેની લેખીત જાણકારી તા.૨૪–૦૧–૧૯ થી પીજીવીસીએલ ની સબંધક કચેરીમા પણ અપાયેલ હોય, તેઓને પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ છે નહી. જેનો લેખીત સમાધાન પત્ર પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં રજુ કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર** શ્રી પ્રમોદભાઈ રામભાઈ પાંભર સાથે તેમની અરજીમાં દર્શાવેલ નંબર પર નાયબ ઈજનેર કોટડા સાંગાણી પેટાવીભાગીય કચેરી દ્વારા શ્રી પ્રમોદભાઈ રામભાઈ પાંભર સાથે ફોન પર વાત કરી તેમની સાથે રૂબરૂ મુલાકાત કરેલ. જે મુજબ આવી કોઈ લેખિત ફરિયાદ તેઓ દ્વારા કોટડા સાંગાણી પેટા વિભાગીય કચેરીને કરેલ નથી તેવું જણાવેલ અને

તે મુજબનું તેમનું લેખિત નિવેદન તા.૨૪–૦૧–૧૯ થી આપેલ છે. આમ સદર ફરિયાદમાં અરજદારનું જે નામ દર્શાવેલ છે તે અરજદારે આ પ્રકારની કોઈ પણ ફરિયાદ ન કરી હોવાનું જણાવેલ છે એટલે કે કોઈ અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા પ્રમોદભાઈ પાંભરના નામે અરજી કરી પીજીવીસીએલ કચેરીને તેમજ કંપની ને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. આમ સદર ફરિયાદમાં કોઈ તથ્ય નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ માં જણાવ્યા મુજબ- અરજદારની લેખિત રજૂઆત – સમાધાનપત્ર(પુરશીશ) તા. 24.01.19 થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ

(એન. ડી. ધામેલીયા)
ટેકનીકલ સભ્ય
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ

(જે. બી. પારેખ)
કા.વા.ચેરપર્સન
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ